RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 266* Date: 16 .07.2023, Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## કીડીને મારવા હથોડો ના વપરાય: IT નિયમો મામલે મુંબઈ હાઈકોર્ટની ટકોર



એજન્સી, મુંબઈ

બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા પર સરકાર સામેના ફેક કન્ટેન્ટ અંગે ઈન્ફર્મેશન ટેક્નોલોજી (આઈટી)ના નિયમોમાં કરેલો ફેરફાર વધુ પડતો છે. કોર્ટે કટાક્ષ કર્યો હતો કે, કીડીને મારવા હથોડાનો ઉપયોગ કરી શકાય નહી.

જજ ગૌતમ પટેલ અને નીલા ગોખલેની ડિવિઝન બેન્ચે જણાવ્યું હતું કે, "કોર્ટને હજુ નિયમોમાં એમેન્ડમેન્ટ પાછળની જરૂરિયાત સમજાતી નથી. સરકારની એક ઓથોરિટીને ખોટા અને ગેરમાર્ગે દોરતા સમાચારો અંગે નિર્ણય લેવાની સત્તા આપવાની બાબતને સમજવી મુશ્કેલ છે." કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, "લોકશાહી પ્રક્રિયામાં સરકાર અને નાગરિક બંને સમાન રીતે સહભાગી હોય છે. એટલે નાગરિક પાસે પ્રશ્ન પૂછવાનો અને જવાબો માંગવાનો અધિકાર છે. સરકાર જવાબ આપવા બંધાયેલી છે."

આઈટી નિયમોને પડકારતી ઘણી અરજીઓની સુનાવણી કરતી વખતે બોમ્બે હાઈકોર્ટે આવી ટિપ્પણી કરી હતી. સ્ટેન્ડ-અપ કોમેડિયન કુણાલ કામરા, ધ એડિટર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા અને એસોસિએશન ઓફ ઈન્ડિયન મેગેઝિન્સે હાઈકોર્ટમાં આઈટી એક્ટના સુધારેલા નિયમો સામે અરજી કરી હતી અને તેમને મુનસફી મુજબના અને ગેરબંધારણીય ગણાવ્યા હતા. અરજીમાં જણાવ્યા અનુસાર નિયમોને કારણે નાગરિકોના મૂળભૂત અધિકારો પર પ્રતિકૂળ અસર થશે. કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે, નવા નિયમ હેઠળ રચવામાં આવનારા ફેક્ટ ચેકિંગ યુનિટ ની સત્યતા કોણ ચકાસશે? જજ પટેલે જણાવ્યું હતું કે, "એવી ધારણા હોય છે કે ફેક્ટ ચેકિંગ યુનિટ જે પણ કંઈ નિર્ણય કરે એ આખરી સત્ય હોય છે." એસોસિએશન ઓફ ઈન્ડિયન મેગેઝિન્સ વતી હાજર રહેલા એડવોકેટ ગૌતમ ભાટિયાએ જણાવ્યું હતું કે, "સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાતા ફેક કન્ટેન્ટ પર અંકુશ માટે ઓછા નિયંત્રિત વિકલ્પો ઉપલબ્ધ છે." બેન્ચે નોંધ્યું હતું કે, ઓફલાઈન કન્ટેન્ટ માટે થોડા ફિલ્ટર હોય છે, પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવતી માહિતીને ચકાસવાની હજુ સુધી કોઈ વ્યવસ્થા નથી.

## બાલાસોર ટ્રેન અકસ્માતના આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા:ત્રણ રેલવે કર્મચારીઓની CBI એ ૭ જુલાઈએ ધરપકડ કરી હતી

વરિષ્ઠ સેક્શન એન્જિનિયર અરુણ કુમાર મોહંતા, સેક્શન એન્જિનિયર મોહમ્મદ અમીર ખાન અને ટેકનિશિયન પપ્પુ કુમારની ૭ જુલાઈએ ધરપકડ કરવામાં આવી હતી.સ્પેશિયલ કોર્ટે ત્રણેયને પાંચ દિવસના સીબીઆઈ રિમાન્ડ પર મોકલી દીધા હતા. ૧૧મી જુલાઈએ ત્રણેયના રિમાન્ડ ચાર દિવસ માટે લંબાવવામાં આવ્યા હતા.

આરોપીઓ સામે આઈપીસીની કલમ ૩૦૪ (હત્યાની રકમ ન હોવાને કારણે દોષિત હત્યા), ૨૦૧ (પુરાવાને નષ્ટ કરવા) અને રેલવે એક્ટની કલમ ૧૫૩ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.શુક્રવારે ત્રણેયના ઝૈં રિમાન્ડ પૂરા થયા હતા, ત્યારબાદ તેમને ઝૈં સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ કેસની આગામી સુનાવણી ૨૭ જુલાઈએ થશે.આ અકસ્માત ભુવનેશ્વરથી ૧૭૫ કિલોમીટર દૂર બાલાસોરમાં બહાનાગા બજાર સ્ટેશન પાસે ૨ જૂને સાંજે ૭ વાગ્યે થયો હતોઆ અકસ્માત ભુવનેશ્વરથી ૧૭૫ કિલોમીટર દૂર બાલાસોરમાં બહાનાગા બજાર સ્ટેશન પાસે ૨ જૂને સાંજે ૭ વાગ્યે થયો હતો.૨ જૂનના રોજ, બાલાસોરના બહનાગા બજાર સ્ટેશન પાસે ટ્રેન દુર્ઘટનામાં ૨૯૩થી વધુ લોકો માર્યા ગયા હતા અને ૧,૦૦૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.રેલવેએ ૧૨મી જુલાઈના રોજ ૭ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હતા. જેમાં ધરપકડ કરાયેલા ૩ રેલ્વેમેનનો સમાવેશ થાય છે.સાઉથ ઈસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજર અનિલ કુમાર મિશ્રાએ કહ્યું કે જો આ અધિકારીઓ સતર્ક હોત તો અકસ્માત ન થયો હોત.સીબીઆઈ અકસ્માતની તપાસ કરી રહી છે.

## હેટ સ્પીચ મામલે આઝમ ખાનને રામપુર કોર્ટે દોષિત જાહેર કર્યો, બે વર્ષની સજા સંભળાવી



સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાનને હેટ સ્પીચ કેસમાં દોષીત ઠેરવવામાં આવ્યા છે. રામપુરની કોર્ટે આ નિર્ણય સંભળાવ્યો છે. વર્ષ ૨૦૧૯માં રામપુરના શહઝાદનગર પોલીસ સ્ટેશનમાં સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાન વિરુદ્ધ ભડકાઉ ભાષણ આપવા બદલ કેસ નોંધવામાં આવ્યો હતો. આઝમ પર લોકસભા ચૂંટણી દરમિયાન ભડકાઉ ભાષણ આપવાનો આરોપ હતો, જ્યારે આઝમ ખાન સપા- બસપાના ગઠબંધનથી લોકસભાના ઉમેદવાર હતા. રામપુર કોર્ટે બે વર્ષની સજા સંભળાવી છે.ચૂંટણી પ્રચાર દરમિયાન આઝમ ખાને તેમની એક જાહેરસભામાં મુખ્યમંત્રી અને તત્કાલીન જિલ્લા મેજિસ્ટ્રેટ સહિત અનેક અધિકારીઓ વિરુદ્ધ નિવેદન આપ્યું હતું. તેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ વાયરલ વીડિયોની નોંધ લેતા એડીઓ પંચાયત અનિલ ચૌહાણે શહજાદ નગર પોલીસ સ્ટેશનમાં આઝમ ખાન વિરુદ્ધ કેસ નોંધ્યો હતો, જેના બાદ પોલીસ અધિકારીઓએ મામલાની તપાસ કરી અને આઝમ વિરુદ્ધ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.જોકે બાદમાં આ કેસમાં આઝમને કોર્ટમાંથી જામીન મળી ગયા હતા. આ કેસમાં કોર્ટમાં બંને પક્ષો દ્વારા તમામ દલીલો રજૂ કરવામાં આવી હતી, માત્ર નિર્ણય આવવાનો બાકી હતો. આ માટે કોર્ટ દ્વારા આજની તારીખ નક્કી કરવામાં આવી હતી. અગાઉ વર્ષ ૨૦૨૨માં રામપુરની એમપી-એમએલએ કોર્ટે જ આઝમ ખાનને ત્રણ વર્ષની જેલ અને ૨૫ હજાર રૂપિયાના દંડની સજા ફટકારી હતી.

## અંબાજીનો ભાદરવી પૂનમનો મહામેળો તા. ૨૩થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે



યાત્રાધામ અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમનો મહામેળો યોજાય છે. જેમાં ગુજરાત અને દેશભરમાંથી શ્રદ્ધાળુઓ આ પવિત્ર દિવસોમાં અંબાના દર્શનાર્થે આવે છે. આ દરમિયાન આવતા શ્રદ્ધાળુઓની યાત્રા સુખદ અને યાદગાર બની રહે એ માટે ગુજરાત સરકાર, બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર અને મંદિર ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ સુચારૂ આયોજન કરીને તમામ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. આ વર્ષે આગામી તા. ૨૩થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાનું આયોજન થનાર છે. જેમાં આગોતરા આયોજન માટે પ્રવાસન સચિવ હારિત શુક્લાની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં મીટીંગ મળી હતી. આ અંગે હારિત શુક્લાએ જણાવ્યું હતું કે દર વર્ષે ભાદરવી પૂનમના મેળામાં આવતા ભાવિક ભક્તો માટે ખૂબ સારી વ્યવસ્થાઓ કરવામાં આવે છે. આ વર્ષે પણ આ સુવિધાઓમાં વધારો કરીને યાત્રાઓને મેળા દરમિયાન સુખદ અનુભવ થાય એવા પ્રયાસો કરવા તમામને જણાવ્યું હતું . તેઓએ કહ્યું હતું કે, દર વર્ષે મેળાનો વ્યાપ વધતો જાય છે અને એ જ રીતે વિશેષ વ્યવસ્થાઓ પણ કરવામાં આવે છે. તેઓએ દરેક વિભાગને કરવાની થતી વ્યવસ્થાઓ વિશે ચર્ચા કરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. જેમાં શ્રદ્ધાળુઓ માટે બસ વ્યવસ્થા, રોકાણ અને ભોજન વ્યવસ્થા, સ્વાસ્થ્ય સુવિધાઓ, સ્વચ્છતા, પાર્કિંગ, કાયદો- વ્યવસ્થા, ટ્રાફિક નિયમન, અંબાજી નગરમાં લાઈટિંગ, મંદિરમાં દર્શન વ્યવસ્થા, સુરક્ષા-સલામતી, પ્રચાર - પ્રસાર સહિતની બાબતોની પ્રવાસન સચિવે ચર્ચા કરીને સુવ્યવસ્થિત આયોજન થાય એ માટે સૌ અધિકારીઓને જણાવ્યું હતું. આ મિટિંગમાં ગુજરાત મેરિટાઈમ બોર્ડના સી.ઇ.ઓ. રાજકુમાર બેનીવાલ, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ આર.આર.રાવલ, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ કલેક્ટર વરૂણકુમાર બરનવાલ, જિલ્લા વિકાસ અધિકારી સ્વપ્નિલ ખરે, પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણા, નાયબ વનસંરક્ષક અભયકુમાર સિંઘ, મંદિર ટ્રસ્ટના વહીવટદાર સિદ્ધિ વર્મા, સેપ્ટના પ્રોજેક્ટ ડિરેક્ટર રેશમા શાહ તેમજ વિવિધ વિભાગના જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પહેલ પર વર્ષ ૨૦૨૩ને "આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ" તરીકે ઉજવણી કરવામાં આવી

માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની પહેલ પર વર્ષ ૨૦૨૩ને ×આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ× તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આંગણવાડીની બહેનો દ્વારા બનાવેલ વાનગી સ્પર્ધાનું સેકટર-૩ની આંગણવાડી ખાતે આયોજન કરવામાં આવ્યું. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી વિજેતા બહેનોને પ્રમાણપત્ર આપી સન્માનિત કર્યા તેમજ સ્વસ્થ્ય જીવનશૈલી માટે રોજબરોજના ભોજનમાં મિલેટ્સને સામેલ કરવા અપીલ કરી હતી. આ દરમિયાન ડે.મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, કાઉન્સિલરશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ આંગણવાડીની બહેનો ઉપસ્થિત રહી હતી.

## ભારતની UPI Payment System ને વૈશ્વિક ફલક પર મળી રહી છે સફળતા

પેરિસ,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફ્રાંસ પ્રવાસ દરમિયાન યુપીઆઈ મોરચે ભારતને મોટી સફળતા મળી છે. હવે ફ્રાન્સમાં પણ ભારતીય યુપીઆઈ કામ કરશે. પીએમ મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ વચ્ચે આટલી મોટી ડીલ બાદ ભારતીય યુપીઆઈ ફ્રાન્સમાં પણ ચાલી શકશે. આનો સૌથી મોટો ફાયદો એ થશે કે હવે ભારતીય પ્રવાસીઓ ફ્રાન્સમાં ભારતીય રૂપિયામાં ચૂકવણી કરી શકશે. યુપીઆઈ મોરચે ભારતની આ અત્યાર સુધીની સૌથી મોટી સફળતા છે. તે જ સમયે, ફ્રાન્સ ભારતીય યુપીઆઈ લોન્ચ કરનાર યુરોપનો પહેલો દેશ બની ગયો છે. વડાપ્રધાન મોદીના ફ્રાંસ પ્રવાસના પહેલા જ દિવસે આટલી મોટી સફળતા મેળવવી મોટી વાત છે. આખી દુનિયાની નજર આ ડીલ પર ટકેલી હતી. જે હવે આખરી છે. આઈ.એમ.એફ થી લઈને વિશ્વની ઘણી બેંકોએ ભારતના ડિજિટલ પેમેન્ટ મોડ યુપીઆઈ ની પ્રશંસા કરી છે અને વિશ્વને ભારત પાસેથી શીખવાનું કહ્યું છે. તે જ સમયે, યુપીઆઈ સિવાય, ફ્રાન્સ પ્રવાસ દરમિયાન પીએમ મોદી અને ઈમેન્યુઅલ મેક્રોન વચ્ચે ઘણા મહત્વપૂર્ણ કરાર પણ કરવામાં આવશે. હવે યુપીઆઈ ને લઈને ભારત અને ફ્રાન્સ વચ્ચે સૌથી મોટી ડીલ થઈ છે.



ગુજરાતનાં માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબનો આજે જન્મદિવસ છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા એ સેકટર-૩/ડી, ગાંધીનગર ખાતે પર્યાવરણ સંરક્ષણના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી બનીને છોડનું રોપણ કર્યું. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે પૃથ્વી, પર્યાવરણ અને પ્રકૃતિ તેમજ સંપૂર્ણ જગતનો આધાર માત્ર વૃક્ષ છે, ત્યારે આપણે સૌ વધુ વૃક્ષો વાવીએ અને તેનું જતન કરીએ.આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના શહેર મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, ગૌરાંગભાઈ પટેલ, કાઉન્સિલરશ્રીઓ તેમજ સંગઠનના હોદેદારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી લેખ......

# રક્ષા ક્ષેત્રે આત્મનિર્ભર બનતું ભારત

વડાપ્રધાન મોદીની હાલની અમેરિકી યાત્રા દરમ્યાન રક્ષા, લશ્કરી અને અંતરિક્ષ ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે કેટલાય મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા, જેનાં દૂરગામી પરિણામ આવશે. જેમ કે ભારત-અમેરિકા કરાર અંતર્ગત અમેરિકી કંપની જનરલ એટમિક ભારતને લગભગ ૩.૧ અબજ ડોલરના ૩૧ એમક્યુ-૯ બી પ્રિડેટર ડ્રોન આપશે. તેમાંથી ૧૫ નૌસેના અને ૮-૮ થલ અને વાયુ સેનાને મળશે. કંપની કેટલાક ડ્રોન સીધા ભારતને આપશે. ત્યારબાદ આધુનિક ટેકનિકલ હસ્તાંતરણ દ્વારા હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટિડ (એચએએલ) ભારતમાં જ તેનું નિર્માણ કરશે. તેની સંભાળ અને મરામત વગેરેની સુવિધાઓ ભારતમાં જ વિકસિત કરવામાં આવશે. ભારતમાં નિર્મિત આ પ્રિડેટર ડ્રોન બાદમાં નિકાસ પણ કરી શકાશે. યાદ રહે કે પ્રિડેટર ડ્રોન આજે વિશ્વની શ્રેષ્ઠતમ ચાલકરહિત યુદ્ઘક પ્રણાલીમાં ગણાય છે. જેની મારકક્ષમતા કેટલા સ્થાનો પર પ્રમાણિત થઈ ચૂકી છે અન તેની વિશ્વસનીયતા પણ ઘણી વધારે છે.

ભારત માટે આ સમજૂતી રક્ષા સંબંધી જરૂરિયાતોને જોતાં અતિ મહત્ત્વપૂર્ણ છે, જે ઘણા અરસાથી પડતર હતી. જોકે આ પ્રિડેટર ડ્રોનની કિંમતને લઈને વિપક્ષોએ નાજોઈતો હોબાળો મચાવ્યો, પરંતુ જે લોકો સવાલ ઉઠાવી રહ્યા છે તેમણે જાણી લેવું જોઈએ કે પહેલાંની સરકારોના મુકાબલે હાલનાં વર્ષોમાં ભારત સરકારે રક્ષાસોદાના નિયમન માટે એક પારદર્શી પ્રક્રિયા લાગુ કરી છે. તે અંતર્ગત ભારત સરકાર રક્ષા નિર્માતા કંપની સાથે સીધો કરાર ન કરતાં ત્યાંની સરકાર સાથે કરાર કરે છે. ત્યારબાદ બંને સરકારોની દેખરેખમાં વિદેશી કંપની અને ભારતીય કંપની વચ્ચે કરારનો અમલ થાય છે. આ પ્રકારે । સોદામાં વચેટિયાની ભૂમિકા સંપૂર્ણ સમાપ્ત કરી દેવામાં આવી છે. એ પણ એક તથ્ય છે કે રક્ષા મંત્રાલય દ્વારા ખરીદીની આ સમગ્ર પ્રક્રિયાનું પ્રત્યેક સ્તર પર ગહન અધ્યયન કરવામાં આવે છે. તેમાં કોઈપણ હથિયાર પ્રણાલીને અન્ય દેશોને કેટલી કિંમતે વેચવામાં આવી તેનું આકલન કરવામાં આવે છે. ત્યારબાદ ભારતને પ્રદાન કરાનારી સંભવિત ટેકનિક અને સહાયક શસ્ત્ર પ્રણાલીની ગુણવત્તા, મારક ક્ષમતા તથા ભવિષ્યમાં થનારા આધુનિકીકરણને પરખવામાં આવે છે.

# નગરપાલિકામાં ટેક્સ ભરવા છતાં અનેક વિસ્તારોમાં પીવાનું પાણી, ગટર, સફાઈ, સ્ટ્રીટ લાઇટ ની સુવિધાથી લોકો વંચિત : અમિત ચાવડા......



**બહુચરાજી નગરમાં ઠેર-ઠેર ગંદકી, વરસાદી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ના હોવાથી અનેક સોસાયટીઓના રહીશો ગંદકીમાં જીવવા મજબુર, રહીશોમાં વ્યાપક આક્રોશ : અમિત ચાવડા**

**૮૫% સ્થાનિક રોજગારી આપવાના પરિપત્રો ઘોળીને પી જતા ઉદ્યોગો સામે યુવાનોમાં વ્યાપક આક્રોશ : અમિત ચાવડા**

**જનમંચ દ્વારા મળેલ સામાન્ય પ્રજાના પ્રશ્નો, સમસ્યાઓ, ફરીયાદો ના પરીણામલક્ષી નિવારણ માટે જનસભા થી વિધાનસભા સુધી ની લડત લડીશુ: શ્રી અમિત ચાવડા**

આ કાર્યક્રમના ભાગ હેઠળ તારીખ: ૧૪/૦૭/૨૦૨૩ શુક્રવાર માણસા અને બેચરાજી ખાતે જનમંચ નું આયોજન કરવામાં આવ્યું. જેમાં યુવાનો, મહિલાઓ, વેપારીઓ, ખેડુતો, પીડીતો, વંચિતો, શોષીતો પોતાની સમસ્યાઓ ની રજુઆત કરી.

કોંગ્રેસ પક્ષે સામાન્ય પણ સ્વાભિમાની ગુજરાતી ને જનમંચ પ્લેટફોર્મ આપ્યું ,

જેમાં માણસા ખાતે ×જનમંચ× કાર્યક્રમમાં જિલ્લા ના સ્થાનિક પ્રશ્નો સાંભળવામાં આવ્યા. જેમાં મુખ્યત્વે,

૧. કોઠા વિસ્તારમાં રસ્તા , પાણી, સિંચાઈ સુવિધાથી વંચિત, સરકારનો વિકાસ કામોમાં ભેદભાવ.

૨. નગરપાલિકા વિસ્તારની જનતા રખડતા ઢોર, ટ્રાફિક સમસ્યા, દબાણોને કારણે ત્રસ્ત.

૩. વિધાર્થીઓ અને ગામડાના લોકો એસટી બસની સુવિધા ના હોવાથી પરેશાન.

૪. નગરપાલિકામાં ટેક્સ ભરવા છતાં અનેક વિસ્તારોમાં પીવાનું પાણી, ગટર, સફાઈ, સ્ટ્રીટ લાઇટ ની સુવિધાથી લોકો વંચિત.

૫. ખેડૂતોને ઉત્પાદનના પૂરતા બજારભાવ નથી મળતા, ખેડૂતો આર્થિક રીતે બેહાલ.

૬. લોદ્રા ગામે સરકારી યોજનામાં વ્યાપક ભ્રષ્ટાચારની ફરિયાદ.

૭. ગ્રામ્ય વિસ્તારમાં પાકા રસ્તાથી અનેક ગામ પરા વિસ્તાર વંચિત, ચોમાસામાં અનેક રસ્તા ધોવાયા, સહિત અનેકવિધ મુદ્દાઓ પર સ્થાનિક લોકોએ પોતપોતાની રજૂઆતો કરી હતી.

બેચરાજી ખાતે ×જનમંચ× કાર્યક્રમમાં જિલ્લા ના સ્થાનિક પ્રશ્નો સાંભળવામાં આવ્યા. જેમાં મુખ્યત્વે, ૧. બહુચરાજી નગરમાં ઠેર-ઠેર ગંદકી, વરસાદી પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ના હોવાથી અનેક સોસાયટીઓના રહીશો ગંદકીમાં જીવવા મજબુર, રહીશોમાં વ્યાપક આક્રોશ.

૨. બહુચરાજીમાં બિલ્ડરોને લાભ કરાવવા શંખલપુર રેલ્વે ક્રોસિંગ પાસે ઓવરબ્રિજને બદલે અંડરબ્રિજ બનાવતા સમગ્ર વિસ્તારના રસ્તા વરસાદી પાણી ભરાવાથી બંધ, જનતા પરેશાન.

૩. તાલુકામાં મારૂતિ સુઝુકી, આઇ.આર.સી. લિમિટેડ, ટી.ડી.એસ.જી. પ્લાન્ટ જેવા અનેક ઉદ્યોગો આવ્યા પણ સ્થાનિક યુવાનો રોજગારથી વંચિત, ૮૫% સ્થાનિક રોજગારી આપવાના પરિપત્રો ઘોળીને પી જતા ઉદ્યોગો સામે યુવાનોમાં વ્યાપક આક્રોશ.

૪. ગ્રામ પંચાયતોમાં વહીવટદારો કોઈનું સાંભળતા નથી, ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ તાત્કાલિક કરાવવા માંગણી.

૫. વાલ્મિકી સમાજના લોકો દ્વારા વિકાસના કામોમાં ભેદભાવની રજૂઆત.

૬. પેટ્રોલ, ડિઝલ, ગેસ, તેલ સહિત તમામ જીવનજરૂરી ચીજોના ભાવ આસમાને, ગૃહિણીઓમાં મોંઘવારી સામે વ્યાપક ગુસ્સો.

૭. રસ્તાઓ બિસ્માર હાલતમાં, વ્યાપક ભ્રષ્ટાચારની ફરિયાદો.

૮. સર્વોદય શાળા જેવી સંસ્થાઓ બંધ થવાથી વાલીઓ ખાનગી સ્કૂલમાં બાળકો ભણાવા માટે મજબૂર.આ પ્રશ્નો ની સાથે મોંઘવારી, ભ્રષ્ટાચાર, જમીન માપણી, પોષણક્ષમ ભાવ, પેપરલીક, રોજગારી ની સમસ્યા બાબત પોતાની રજૂઆતો કરી હતી. જનતાની અવાજને બુલંદ કરવા, " જનમંચ " થકી કોંગ્રેસ દ્વારા એક મજબૂત પ્લેટફોર્મ આપવાની શરૂઆત કરવામાં આવી છે. એક વર્ષમાં ગુજરાતના દરેક તાલુકાને જનમંચ દ્વારા આવરી લેવામાં આવશે અને આવેલી ફરિયાદોના નિવારણ માટે લોક-આંદોલન થકી એક મજબૂત અભિગમ દ્વારા જનસભા થી લઈને વિધાનસભા સુધી મક્કમતાથી લડાઈ લડવા કોંગ્રેસ પક્ષ કટિબદ્ધ છે. ખુબ મોટી સંખ્યા માં માણસા અને બેચરાજી ની જાહેર જનતા એ જનમંચ કાર્યક્રમ માં હાજરી આપી અને શ્રી અમિતભાઈ ચાવડા ના આ જનલક્ષી અભિગમ ને હૃદય થી વધાવી લીધો. ગુજરાત ના ઈતિહાસ માં આજ સુધી જનતા ને પોતાની વાત કરવાનો મોકો અને મંચ ફક્ત જનમંચ એ આપ્યો.માણસા અને બેચરાજી જિલ્લા કોંગ્રેસ સમિતિ આયોજિત જનમંચ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શ્રી અમિત ચાવડા, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પૂર્વ પ્રમુખ શ્રી જગદીશભાઈ ઠાકોર, પૂર્વ ધારાસભ્ય શ્રી બાબુજી ઠાકોર, મુખ્ય આયોજક ભારતીય સેવા દળ શ્રી લાલજીભાઈ દેસાઈ, પૂર્વ ધારાસભ્ય બહુચરાજી શ્રી ભરતજી ઠાકોર, પૂર્વ ધારાસભ્ય સિદ્ધપુર શ્રી ચંદનજી ઠાકોર, શ્રી રણજીતભાઈ જીલ્લા પ્રમુખ, શ્રી અરવિંદભાઈ ગાંધીનગર જિલ્લા પ્રમુખ ની સાથે સાથે જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ કોંગ્રેસના હોદ્દેદારશ્રીઓ, સેલ/ફ્રન્ટલના હોદ્દેદારશ્રીઓ, તાલુકા/શહેરના તમામ પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, તાલુકા/નગરપાલિકા ના સદસ્યશ્રીઓ અને કોંગ્રેસના તમામ કાર્યકરો અને જાહેર જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ૨૦૨૩ ના જાડા ધાન્ય વરસની ઉજવણીમાં એક કિલો બાજરાનો ભાવ બે હજાર થશે તે તમે લખી રાખજો!!!

ઘઉં એ તમામ અનાજોમાં અનાજનો નિર્વિવાદ રાજા છે. ગુજરાતીઓને ગરમ ગરમ ( ગરમાગરમ શબ્દ ખોટો છે. એમાં ગરમ એટલે ઉષ્ણ અને અગરમ એટલે ઠંડાનો ભાવ નિહિત થયેલ છે ગરમાગરમ એટલે ઠંડુંગરમ!) ફૂલકા રોટલી પસંદ હોય છે. ભાખરી પણ કડક કે પોચી જોઈએ છે.

ગુજરાતમાં અતિશય પાતળી ફૂલકા રોટલી ખવાય છે પરંતુ તે વધુ હિતાવહ નથી, કારણકે પાતળી રોટલીમાં ઘઉના પ્રજીવકો (વિટામીનો) અગ્નિના તાપથી જલ્દી નાશ પામે છે. એકંદરે તો ઉત્તર ભારતની જાડી રોટલી કે બાટી આરોગ્યની દ્રષ્ટીએ વધુ હિતકારી છે.

ઘઉં ઘણી જાતના થાય છે. કાઠા ઘઉં અને પોચા ઘઉં એવા બે ભેદ છે. રંગભેદ કરી ઘઉંના ધોળા અને લાલ (રાતા) ઘઉં વધારે પૌષ્ટિક ગણાય છે. એ સિવાય વાજિયા, પૂંસા, બન્સી, પૂનમિયા, ટુકડી, દાઉદખાની ઘઉં (ભાલીયા ઘઉં), લોક વન (લોક-૧), જૂનાગઢી, સરબતી, સોનારા, કલ્યાણ સોના, સોનાલીકા ઈત્યાદિ ઘઉંની જાતો જાણીતી છે.

ઘઉં વિશ્વની મોટાભાગની ખાદ્ય પ્રોટિન ખોરાકની પૂર્તિ કરે છે, છતાં લગભગ દર ૧૦૦ કે ૨૦૦ એ એક માણસ 'સિલિક રોગ' થી પીડાય છે, આ પરિસ્થિતિ ઘઉંમાં મળતા 'ગ્લુટેન' નામક પ્રોટિન પ્રત્યે નબળી પ્રતિરક્ષા પ્રણાલીને કારણે ઉદ્ભવે છે. ઘઉં અને જવના દાણા ખાવાથી તેમાં ચ્વિંગમ જેવો પદાર્થ બાકી રહે છે. ઘઉં અને જવને ખાવાથી તેમાં ચીકાશ ધરાવતું પ્રોટીન ગ્લુટેન હોય છે. આ પ્રોટીન પચવામાં ભારે હોય છે. કારણ કે તેની પચવાની ક્ષમતા ઓછી હોય છે. ગ્લુટેન વાળો ખોરાક ખાવાથી ૨ કે ૩ કલાક પછી અપચો, પેટમાં દુખાનો, કબજિયાત જેવી પેટની બિમારી થઈ શકે છે. ગ્યુટોન ન સદે તેમને સિલિયાક રોગ થાય છે. એનેમિયા, હાડકાનું દર્દ, ચામડીના રોગ, ઝાડા થાય છે. ગ્લુટનથી આંતરડાની આંતઃત્વચા, વિલ્લીનાં સેલ્સ સામે પ્રતિકાર કરે છે તેથી આંતરડામાં સોજો આવી શકે છે. ખોરાક ચૂસાઈને પોષણ સ્વરૂપમાં ફેરવાઈ શકતો નથી. ઘઉં ખાનારાઓમાં ગેસની તકલીફ વધું હોય છે. હવે ગ્લુટે વગરનો લોટ મળતો થયો છે. ગ્લુટેન વગરના બિસ્ટીક અને બ્રેડ મળતાં થયા છે. બ્રેડ અને પીત્ઝામાં ગ્લુટેન ઉમેરવામાં આવે છે.

ઉત્તર ભારતમાં ઘઉં અને દક્ષિણ ભારતમાં ચોખા વધું ખવાય છે. ગુજરાતમાં ઘઉં, ચોખા, ચાણાની વાનગીઓ વધું ખવાય છે. ગુજરાતમાં આખા અનાજ ખાવાનું ઓછું છે. ૪૦ વર્ષ પહેલા આખા અનાજ વધું ખાતા હતા. ચોખા તો છાડ્યા વગરના ખવાતાં હતા.. હવે એવું નથી મિલમાં પ્રોસેસ કરીને જ પછી તમામ ચોખા ખવાય છે.ખેતીકામ કે મંજૂરી કરનાર સામાન્ય રીતે લંચ, ડિનરમાં ઘઉંની બનેલી રોટલી( શહેરના લોકોનો રોટલો લાજે તેવી જાડાઇ હોય છે!! )કે રોટલો આરોગતા નથી. ઘઉં એ ઉજળિયાત કે વ્હાઈટ કલર જોબ કરનારનો ખોરાક છે!!

બંટી, નાગલી, હોમલી, કાંગ, કુરી, કોદરા, બાવટો, રાજગરો, સામો, મગ, અડદ જેવા ધાન્યની અનેક જાતો થતી. ઉપવાસમાં ખવાતું બટેટા જેવું કાંદાગોળું, શાક બનાવીને ખવાતી કાનખડી, વાના રોગી માટે અતિ ઉપયોગી એવી વાલાકડી, વરી, ખરસાણી, શાક બનાવીને ખવાતા દોડકા, રાજમા, કુડીદ, મઠ, કળથી, કળોત, અળવી, અસારીયા, શક્કરિયા, પાંદડાંની ભાજી બનાવવામાં વપરાતું આળુ, કાળીજીરી, બાફીને ખવાતા રવા, ગોપચા, હવરો, બીજનો લાડવામાં અને પાંદડાંનો ભાજીમાં ઉપયોગ થાય તેવી માટાની ભાજી, વરઈ, ખીચડી બનાવવા વપરાતો રાડો, રોટલા બનાવવા વપરાતા જવ, દવા માટે ઉપયોગી એવી ગીલોળી... આ અને આના સિવાયના કેટલાય પાક જેમાંથી ઘણાના તો નામની પણ આજે આપણને ખબર નથી.આ બધા જાડા કે બરછટ ધાન્ય છે.

બરછટ ધાન્યો ખરાબ જમીનમાં પણ પાકે છે. કેટલાક તો એસિડિક જમીનમાં કે ખારી જમીનમાં પણ પાકે છે. જેમ કે નાગલીનો પાક ખારાશવાળી જમીનમાં સારો લઈ શકાય છે. સામાનો પાક પણ ઓછી ફળદ્રુપ જમીનમાં સારું ઉત્પાદન આપે છે. આ ધાન્યોમાં પોષક તત્ત્વોનો ભંડાર છે તેથી કુપોષણમાંથી મુક્તિ અપાવવા સક્ષમ છે. જૈવિક સંતુલન પણ જાળવે છે.તાપમાનમાં બે ડિગ્રી જેટલા વધારાથી ઘઉંનો આખો પાક બળી જઈ શકે, પણ બંટી, નાગલી, હોમલી, કાંગ, કુરી, કોદરા, બાવટો, રાજગરો, સામો, મગ, અડદ જેવા બરછટ અનાજ કે તૃણ ધાન્યને આ વિપરીત વાતાવરણની અસર થતી નથી. આ ધાન્યોનું વાવેતર દરેક ઋતુમાં કરી શકાય છે અને ઓછા પાણીએ પાકે છે.

મોટા ભાગના બરછટ ધાન્યનાં ખેતરોમાં મૂલ્યવાન એવી જૈવિક વિવિધતા જોવા મળે છે. તેમાં ઘઉં-ચોખા કરતાં વધુ ખનીજ તત્ત્વો છે, વધુ રેસા છે, કેટલાકમાં તો ચોખા કરતાં ૫૦ ગણા વધુ રેસા છે. નાગલીમાં ચોખા કરતાં ૩૦ ગણું વધારે કેલ્શિયમ છે. કાંગ અને કુરીમાં લોહતત્ત્વ ચોખા કરતાં ઘણું વધારે છે. બીટા કેરોટિન ચોખામાં નથી, પણ આ ધાન્યોમાં ભરપૂર છે.

બરછટ ધાન્યનો ઈતિહાસ અને વપરાશ ઘઉં કરતા પણ પ્રાચીનતમ છે. કેમ કે, આપણે ત્યાં જે ચાર સુખની વાત છે. જેમ કે પહેલું સુખ જાતે નર્યા, બાજુ સુખ તે કોઠીએ જાર કહેવાય છે. તેમાં ઘઉંનો ઉલ્લેખ નથી.કેમ કે દરેક ગામમાં ઘઉંમાંથી બનેલી વાનગી થાળીમાં પ્રાપ્ય ન હતી. ઈશાન ભારતમાં જવ ઉપલબ્ધ છે. દક્ષિણ ભારતમાં ચોખાનો વપરાશ વિપુલ પ્રમાણમાં થાય છે.માનવજીવનની સંસ્કૃતિના પ્રારંભકાળે બરછટ ધાન્ય જ પ્રાપ્ય હતા.ઘઉંની ઊત્પતિ ઘણી મોડી થયેલી છે!!

હરિયાળી ક્રાંતિ આપણને ચોખા અને ઘઉંના ઉત્પાદન વધારવામાં જ દેખાઈ. ચોખાનું ઉત્પાદન ૧૨૫ ટકા વધ્યું, ઘઉંનું ઉત્પાદન ૨૮૫ ટકા વધ્યું અને આ ધાન્યોનું ઉત્પાદન ૧૯૬૬માં થતું હતું તેના કરતાં પણ ઘટ્યું છે. ૧૯૫૬માં આપણા ખોરાકમાં ૪૦ ટકા હિસ્સો આ ધાન્યોનો હતો જે ૨૦૦૬માં ઘટીને ૨૧ ટકા થઈ ગયો છે. આજે રોકડિયો પાક આ ધાન્યોની જગ્યા પચાવી રહ્યા છે. ૨૦૧૪નું વર્ષ કૃષિ વિકાસ વર્ષ તરીકે જાહેર કર્યું, પણ ધાન્યોની દેશી જાતોને પુનઃસ્થાપિત કરવા માટે કોઈ કામગીરી નથી કરી.

ઠંડી, ગરમી અને વરસાદનું કંઈ જ નક્કી ન હોય એવા વિસ્તારોમાં અનેક પાક એક સાથે વાવવામાં આવતા. પરિણામે હવામાન અણધાર્યું બદલાય તો પણ કોઈને કોઈ ધાન્યનો પાક સફળતાથી પાર પડે. જેમ કે હિમાલયની 'બારાનાજા' પદ્ધતિ. આ પદ્ધતિમાં ખેતરમાં એકસાથે જુદાં જુદાં પ્રકારનાં ૧૨ ધાન્ય વાવવામાં આવે છે. જેમાં મુખ્ય બરછટ ધાન્યો હોય છે. એવી જ રીતે, રાજસ્થાનમાં 'સાત ધાન'ની પદ્ધતિ જાણીતી છે. જેમાં જુદાં જુદાં પ્રકારનાં ધાન્યનું વાવેતર કરાય છે. દક્ષિણ ભારતમાં 'પન્નન્દુ પંટાલુ' તરીકે ઓળખાતી પદ્ધતિમાં ધાન્યને કઠોળ અને તેલીબિયાં સાથે ભેળવીને વાવેતર કરાય છે. આ બધા વિપરીત હવામાનમાં સંપૂર્ણ કૃષિ પદ્ધતિના આદર્શ ઉદાહરણો છે.

મોટા-જાડા અનાજનું બહારનું પડ થુલુ હોય છે. ત્યારબાદ અંદરના પડમાં જર્મ અર્થાત રોગાણુઓ હોય છે જે કોઈપણ બહારનાં પરજીવીથી સુરક્ષા માટે બન્યુ હોય છે.જયારે થુલીમાં ખુબ જ ફાઈબર હોય છે. જાડા અનાજના સેવનથી બ્લડ સુગર નથી વધતું અને વજન પર નિયંત્રણ પણ રહે છે. અભ્યાસમાં જયારે કેટલાંક લોકોને મોટા અનાજનું સેવન કરવાનું કહેવામાં આવ્યુ તો કેટલાંક દિવસોમાં જ તેમનામાં ઈુસ્યુલિનનું લેવલ વધી ગયું હતું. તેના સેવનથી કોલેસ્ટ્રોલ પણ ઘટવા લાગ્યુ હતું.

ભારમાં બાજરીનું સેવન આદિકાળથી પ્રચલિત છે.કાલિદાસે અભિજ્ઞાન શાંકુતલમાં શકુંતલાને રાજાના દરબારમાં વિદાય આપતી વખતે એક પ્રકારની બાજરી ઠાલવતા દર્શાવ્યા હતા.ચાર વેદ પૈકી યજુર્વેદમાં બાજરી અને જુવાર ઉલ્લેખ છે.સુશ્રુતે તેની સુશ્રુતસંહિતામાં ધાન્ય વર્ગ,ખુધાન્ય વર્ગ અને સમીધાન્ય એવું વર્ગીકરણ કરેલું છે.ખુધાન્ય એટલે બાજરી જુવારનો સમાવેશ કરેલો.કન્નડ ભાષામાં પુરેન્દ્ર પાસા લિખિત " રાગી ઠંડીરા " માં રાગીનું મહત્વ સમજાવેલ હતું.કન્નડ કવિ કનકદાસે " રામધાન્ય ચરિત્ર" રાગીને નબળા સમાજની પ્રતિનિધિ તરીકે દર્શાવેલ છે.કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જાડા ધાનના બોળવા-ઉકાળવાના ફાયદા જણાવેલ છે!!અબુલ ફઝલ કૃત "આઈને અકબરી " માં બરછટ ધાન્યની ખેતી અને તેના ડેટાનો ઉલ્લેખ છે!!શહેનશાહ જહાંગીરને બાજરીમાંથી બનતી ખીચડી લઝિઝા દાઢે વળગેલ હતી !!બરછટ ધાનને શ્રી અન્ન એવું નામ આપવામાં આવેલ છે.માનો કે બાવળની બ્યુટી ટ્રીટમેન્ટ કરવામાં આવી ન હોય!!

જૂના જમાનામાં યુધ્ધમાં ઘાયલ થયેલને ઘાબાજરિયું લગાવી રીપેર કરવામાં આવતા હતા!! એમાં બાજરો હતો કે કેમ તેનો ઉલ્લેખ નથી. શિયાળામાં સૂર્ય ભગવાનને તડકો આપો તો તાપીએ અને ઘી અને રોટલો કાપીએ તેમ પ્રાર્થના કરવામાં આવે છે!!ગામડામાં છોકરીઓ આવું ગીત પણ ગાય છે "બાજરી નું ઢૂં ઢું પિયરીએ રમવાચાલો બેની આશા પિયરીએ રમવા."

આ વરસે લોકો બરછટ ધાન્ય પાછળ શિકારી કૂતરાંની જેમ પાછળ પડી જવાના છે. સતી દમયંતીના હાથમાં જે કાંઇ મુકવામાં આવે તે સજીવન થઇ જતુ હતું તેમ કહેવાય છે. તેના હસ્તમાં મૃત મત્સ્ય મુકવામાં આવે તો તે સજીવન થઇ જતી. સરકારનું પણ દમયંતી જેવું છે. સરકાર માઈબાપ જેવા પર હાથ મુકે તેના ભાવો આસમાને સ્પર્શે છે. પેટ્રોલ, ડીઝલ, અડદ દાળ, ટમેટા, ડુંગળી, રાંધણ ગેસ, ખાધ્યતેલ, કેરોસીન, ખાંડ, સીએનજી . યાદી જ્યોતિષીના ટીપણાના જેમ પ્રલંબ થઇ શકે છે!! હવે સરકારે હાથ પર જાડું ધાન્ય લીધું છે. તમારી પાસે સ્પેર મૂડી હોય તો જુવાર, બાજરી, મકાઇ , રાગી, કોદરીનો સ્ટોક કરી લો. યુનોએ ૨૦૨૩નું વરસ જાડા ધાન્ય એટલે મિલેટ યર તરીકે ઉજવણી કરવાનું નક્કી કર્યું છે. તમે લખી રાખજો એક કિલો બાજરો બે હજાર રૂપિયે કિલો વેચાશે. એક કિલોના અઢી હજાર થાય તો પણ નવાઈ પામશો નહીં!! જેના નામમાં શ્રી એટલે કે લક્ષ્મીજીનો નિવાસ હોય તેના ભાવ ન વધે તો જ નવાઈ કહેવાય! અત્યારે સસ્તા ભાવે બરછટ ધાન્ય ખરીદ કરી કોર્નર કરી લો. પછી સોના રૂપા ચાંદીના ભાવે વેચી મબલખ નફો કમાવા કમર અને મગજ કસી લો!!!

જય મિલેટ ! જય બરછટ ધાન્ય!!! ભરત વૈષ્ણવ

# અમદાવાદ મહાનગર પાલિકાની સહાયક ટેક્નિકલ સુપરવાઈઝરની ભરતીની પરીક્ષામાં વ્યાપક ગેરનીતિની ફરિયાદો : હેમાંગ રાવલ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર વાર્તાને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા વિભાગના કો કન્વીનર અને પ્રવક્તાશ્રી હેમાંગ રાવલ જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી ની સરકારના ત્રણ દાયકામાં પેપર ફૂટવાની તવ તારીખ સમગ્ર ગુજરાતની જનતાએ જોયેલી છે અને ગુજરાતની અંદર પેપર ફૂટવાની ઘટનાઓએ ઈતિહાસની કાળીટીલી સમાન છે અત્યાર સુધી ૅજીઝ ચીફ ઓફિસર, તલાટી, જિલ્લા પંચાયત દ્વારા લેવાયેલી તલાટી પરીક્ષા, ્છ્ -શિક્ષક, મુખ્ય-સેવિકા, નાયબ ચિટનિસ, ન્ઇઢ-લોકરક્ષક દળ, બિનસચિવાલય કારકુન,હેડ-ક્લાર્ક લગભગ ૨૨ વખત પેપર ફૂટ્યા છે અને દર વખતે કહેવામાં આવ્યું છે કે, ×ચમરબંધીઓને છોડવામાં નહીં આવે× પરંતુ આજ સુધી કોઈપણ મોટા માથાનો વાળ વાંકો થયો નથી.

પહેલા તો ગુજરાતમાં પેપર ફૂટવાની ઘટના બનતી હતી અને ભરતી કૌભાંડો થતા હતા પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે હવે તો ૪૦ લાખ રૂપિયા આપો અને સીધા જ સરકારી નોકરી મેળવી શકો છો અને તે પણ પોલીસની નોકરી... કોઈપણ જાતની પરીક્ષા આપ્યા વિના જોડાઈ જાવ અને પગાર મેળવો જેવા ભ્રષ્ટાચારી કૌભાંડની ઘટનાને અનુલક્ષીને ગુજરાતની જનતા અને ખાસ કરીને ૬૦ લાખ બેરોજગારોમાં ખૂબ જ રોષ વ્યાપેલો છે.

ગુજરાતમાં મોટાભાગના સરકારી વિભાગોમાં જગ્યાઓ ખાલી હોવા છતાં ભાજપ સરકાર ભરતી કરતી નથી. ગુજરાતમાં છેલ્લા કેટલાય વર્ષોથી વર્ગ-૩ અને વર્ગ-૪ ની ભરતી કરવાને બદલે આઉટસોર્સ અને કોન્ટ્રાક્ટપ્રથાથી ગુજરાતના યુવાનોનું સુનિયોજિત રીતે આર્થિક શોષણ થઈ રહ્યું છે.

ભાજપા સરકારમાં મળતિયાઓ - ગોઠવણ વાળાઓને મોટા પાયે રોજગાર મળે છે અને સામાન્ય-મધ્યમવર્ગના લાખો યુવાનોના ભવિષ્ય સાથે રમત રમાઈ રહી છે.સરકારી ભરતીમાં વારંવાર પેપર ફુટે છે ! ડમી કાંડ અને લાંચ આપીને નોકરીઓ મળી રહી છે એવી ઘટનાઓ હવે સામાન્ય બની ગઈ છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સહાયક ટેકનીકલ સુપરવાઇઝરની ૭૫ જગ્યાઓની નોકરી માટે જાહેરાત કરવામાં આવી હતી જેની ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨૮ માર્ચ ૨૦૨૩ હતી ઉપરોક્ત પરીક્ષામાં જેઓના ફોર્મ ભરાઈ ગયા અને પૈસા પણ ભરાઈ ગયા હોય અને વેરિફિકેશન થયા બાદ તેઓની લેખિત પરીક્ષા ગત રવિવારે તારીખ ૯ જુલાઈ ૨૦૨૩ ના રોજ લેવાઇ હતી. ઉપરોક્ત સહાયક ટેકનિકલ સુપરવાઇઝરની ભરતી પરીક્ષામાં વિદ્યાર્થીઓ દ્વારા વ્યાપક ગેરનીતિની ફરિયાદો કરાઈ રહી છે. સામાન્ય રીતે જયારે આ પ્રકારની ભરતી પરીક્ષાઓ લેવાય છે ત્યારે વિદ્યાર્થીઓની ઓનલાઈન હોલ ટિકિટમાં જે સીટ નંબર લખેલો હોય છે તે જ સીટ નંબર પરીક્ષાના દિવસે વિદ્યાર્થીઓને મળતા પ્રશ્નપત્ર અને ઉત્તરવાહીમાં દર્શાવેલ હોય છે પરંતુ અમદાવાદ મહાનગરપાલિકાની સહાયક ટેકનીકલ સુપરવાઇઝરની ૭૫ જગ્યાઓ માટે લેવાયેલ પરીક્ષામાં વિદ્યાર્થીઓની હોલ ટિકિટ પર જે સીટ નંબર હતો તે નંબર પ્રશ્નપત્ર અને ઉત્તરવાહીમાં અલગ દર્શાવવામાં આવેલ હતો વળી એલ.ડી એન્જિનિયરિંગ સેન્ટર ખાતે લેવામાં આવેલ પરીક્ષામાં ૦૯:૦૦ વાગે પરીક્ષાર્થીઓએ હાજર થવાનો સમય હતો

# શ્રી યુનિવર્સલ સ્કુલ અને બ્રિલીયન્ટ સ્કુલનાં સંચાલક ડો. અરુણભાઈ સુરાણી દ્વારા માલિયાસણ ગામ, અમદાવાદ ખાતે વૃક્ષારોપણનાં કાર્યક્રમનું આયોજન

ભારતીય સંસ્કૃતિ વિશ્વભરમાં અજોડ છે. આપણે માનીએ છીએ કે જીવજંતુ, વૃક્ષ વગેરેમાં પરમાત્માનો વાસ છે. તેની રક્ષા અને નૈસર્ગિક સંતુલન બનાવી રાખવા માટે પશુ-પક્ષીઓને ઈશ્વરના વાહન તરીકે સ્થાન આપીને તેની રક્ષા કરવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેવી જ રીતે વૃક્ષોને પણ ભારતીય સંસ્કૃતિમાં અનેરું સ્થાન આપવામાં આવ્યું છે. આપણી સંસ્કૃતિ વૃક્ષ બચાવ, વૃક્ષ ઉછેર અને વૃક્ષારોપણને મહત્વ આપે છે.

શ્રી યુનિવર્સલ સ્કુલ અને બ્રિલીયન્ટ સ્કુલનાં સંચાલક ડૉ. અરુણભાઈ સુરાણી તેમના પિતા ભગવાનજીભાઈ તથા માતા કાશીબેન તેમજ મોટા બાપુજી સ્વ. ભીમજીભાઈ અને મોટા બા સવિતાબેનની માતૃ પિતૃ વંદના કરવા તેમજ લાડકવાયા ભાભી સ્વ. હંસાબેનને શ્રદ્ધાંજલિ અર્પવા માટે વૃક્ષારોપણનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં અરુણભાઈનાં તમામ પરિવારજનો ફઈ–ફૂવા, મામા–મામી, બેન–બનેવી, ભાણેજો, દીકરીઓ, જમાઈઓનાં નામથી એક એક વૃક્ષ એમ ૧૦૩ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. વૃક્ષોનાં વાવેતર, ઉછેર અને જતનની જવાબદારી સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા લેવામાં આવી છે. આ સાથે રક્તદાન કેમ્પ અને પુસ્તક વિતરણ પણ રાખવામાં આવ્યું છે. અરુણભાઈનાં માતા પિતાનું રક્તતુલા અને જ્ઞાન તુલા કરવામાં આવશે. આ કાર્યક્રમ ૧૬ જુલાઈ, રવિવારનાં રોજ અચ્યુતમ ગૌશાળા, અમદાવાદ હાઈ–વે, માલિયાસણ ગામ ખાતે રાખવામાં આવેલ છે.

વીજળી આયા મોસાળથી
વાદળને કહ્યું કેમ વરસતા નથી
વાદળે કહ્યું વર્ષા કહેતો વરસીએ ને
વીજળી
ગયા વર્ષા ને કે'વા
કેમ
આ વરસે નથી વરસવાનું...!
વર્ષા એ
જોરથી બૂમ મારી
એ વાદળો...એ વાદળો
જલદી ઊઠો
વીજળીબેન મોસાળથી આવી ગયા
હવે
સાતેય કામ પડતા મૂકો
અને વરસવાનું ચાલુ કરીએ
વાદળો એકબીજાને ટકરાવા
લાગ્યા
ને
થયા
કડાકા સાથે મેઘ ગર્જના
કરીને
મેઘો
અનરાધાર વરસવા લાગ્યો
પછીતો
તમામ જીવો-પ્રજીવો-વનસ્પતિ
સૌ
ખુશખુશાલ
અને
ખેડૂતો
રાજી-રાજી
વરસાદથી સૌનાં
હૈયા
હરખાયા...

?? કિરણ ચોનકર "દિવાની".ધરમપુર.

★★★★★★★★★★★★★

'તાનકા '

સોનેરી ભાનુ
લીલા ઉપવનમાં
વાંસળી સૂર
સૂરમઈ ધરતી
માધવની લીલા એ.

★★★★★★★★★★★★★

વાંસળી હોઠે લગાડી
નીકળે જો સૂર
પછી, 'કૃષ્ણ ' અમને ના વિસરાવશો જી..
તુંજ સંગ લાગ્યું મન
પછી, અમે પાછા ન વળ્યા રે! મન અમારું ના દુભાવશો જી
'કૃષ્ણ ' અમને ના વિસરાવશો જી..

તાંતણા પ્રીતના છે
રંગ તમારો, અમારા અંગ અંગને લાગ્યો...
'કૃષ્ણ' અમને ના વિસરાવશો જી..

કહી છે વાત સઘળી મનની
ઓ વ્હાલા....
વાત અમારી સાંભરી
ન ટાળશો જી
'કૃષ્ણ ' અમને ના વિસરાવશો જી..
(વિનંતી ભાવ)
?? કિરણ ચોનકર "દિવાની" ધરમપુર



કલેક્ટર કચેરી, ગાંધીનગર ખાતે જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ. જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં મેયરશ્રી એ નાગરિકોના પ્રશ્નો તથા વિવિધ મુદ્દાઓ અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી, લોકોને સુગમતા પ્રદાન કરવા જરૂરી સૂચનો આપ્યા આ બેઠકમાં કલેક્ટરશ્રી હિતેશભાઈ કોયા, ડી.ડી.ઓ. શ્રી સુરભી ગૌતમ જી, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી દિલીપભાઈ પટેલ, ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, જે.એસ.પટેલ, લક્ષ્મણજી ઠાકોર (બકાજી) તેમજ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



દરમ્યાન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસ પ્રસંગે વૃક્ષારોપણ તથા નિઃશુલ્ક છોડ વિતરણનો કાર્યક્રમ કડવા પાટીદાર પરિવાર મહિલા વિકાસ ટ્રસ્ટ-લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ-સંવેદના અને ગાયત્રી પરિવાર નારણપુરાના સંયુક્ત ઉપક્રમે મુખ્ય મહેમાન શ્રીલા.આશાબેન બ્રહ્મભટ્ટ મ્યુ.કાઉન્સીલર -ડીસ્ટ્રીક્ટચેરપર્સન, હરભજન કોંર,લા.ગિરીશ પટેલ પબ્લિક રિલેશન ઓફિસર,કડવાપટીદાર પરિવાર મહિલા વિકાસના કાર્યકર્તાઓ,નારણપુરા ગામની બહેનો,ગાયત્રી પરિવારના પરિજનોની ઉપસ્થિતિમાં કડવા પાટીદાર પરિવાર મહિલા વિકાસ ટ્રસ્ટ, નારણપુરા ગામ ખાતે યોજાયો હતો .



**ધ સર્વોદય સહકારી બેંક લિમિટેડ મોડાસા લિમિટેડના તારીખ ૧૫ ૭ ૨૦૨૩ ના રોજ બેંકના આવતા અઢી વર્ષ બીજી ટર્મ માટે ચેરમેન તથા મેનેજર ડિરેક્ટરની વર્ણી કરવામાં આવી જેમાં બેંકના ચેરમેન તરીકે બેંકમાં ૨૫ વર્ષથી ચેરમેનશિપ ધરાવનાર શ્રી ઈકબાલ હુસેન જી એપ્રિલિયા ની સર્વનું મતે વરણી કરવામાં આવી તથા મેનેજિંગ ડિરેક્ટર તરીકે મ .સલીમ ડી ટીટોલીયા અને મ.સલીમ એન ખોખર ની સળવાનું મતે કરવામાં આવી.**

# સપ્તાહ દરમિયાન ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૦૫ ઊછળ્યોઃ સોનામાં રૂ.૮૩૮ અને ચાંદીમાં રૂ.૫,૦૦૨ની વૃદ્ધિ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

કોટન-ખાંડી વાયદાના ભાવમાં રૂ.૩૦૦નું ગાબડુઃ નેચરલ ગેસ, મેન્થા તેલ ઢીલાઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૭,૯૮૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૪૨૬૩૫૯ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૨૦૪ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૭થી ૧૩ જુલાઈ સુધીના સપ્તાહ દરમિયાન ૬૨,૦૨,૨૯૮ સોદાઓમાં કુલ રૂ.૫,૨૪,૫૫૨.૭૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૭,૯૮૮.૭૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૪૨૬૩૫૯.૭૫ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૭૩,૧૬૪ સોદાઓમાં રૂ.૫૯,૯૬૪.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૩૭૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૯,૩૭૫ અને નીચામાં રૂ.૫૮,૩૩૧ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૮૩૮ વધી રૂ.૫૯,૨૩૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૪૪ વધી રૂ.૪૭,૯૧૩ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬૨ વધી રૂ.૫,૯૦૫ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૦૦ વધી રૂ.૫૯,૧૮૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૦,૨૮૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૫,૪૨૦ અને નીચામાં રૂ.૭૦,૦૯૯ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૫,૦૦૨ વધી રૂ.૭૫,૩૨૬ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪,૭૨૦ વધી રૂ.૭૫,૦૯૬ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૪,૬૬૬ વધી રૂ.૭૫,૦૬૯ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૮૬,૩૭૫ સોદાઓમાં રૂ.૯,૯૯૧.૬૪ કરોડના વેપાર થયા હતા. તાંબુ જુલાઈ વાયદો રૂ.૭૧૬.૦૦ના ભાવે ખૂલી, રૂ.૨૪.૦૦ વધી રૂ.૭૩૯.૮૦ જ્યારે એલ્યુમિનિયમ જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૬.૮૫ વધી રૂ.૨૦૧.૯૦ તેમ જ સીસું જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૧૫ વધી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૪.૬૫ વધી રૂ.૨૨૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જુલાઈ વાયદો ૧ કિલોદીઠ રૂ.૬.૫૫ વધી રૂ.૨૦૧.૮૫ સીસુ-મિની જુલાઈ કોન્ટ્રેક્ટ રૂ.૧.૦૫ વધી રૂ.૧૮૨.૭૦ જસત-મિની જુલાઈ વાયદો રૂ.૪.૬૦ વધી રૂ.૨૧૯.૫૦ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૬,૮૭,૪૪૮ સોદાઓમાં રૂ.૨૭,૯૭૧.૫૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૫,૮૮૫ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૨૯૯ અને નીચામાં રૂ.૫,૮૬૪ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૦૫ વધી રૂ.૬,૨૪૬ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૩૦૪ વધી રૂ.૬,૨૪૫ બંધ થયો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૧૮ના ભાવે ખૂલી, રૂ.૬.૯૦ ઘટી રૂ.૨૧૦.૮૦ અને નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૬.૮ ઘટી ૨૧૧.૩ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે રૂ.૬૧.૦૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૮૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૭,૧૦૦ અને નીચામાં રૂ.૫૬,૦૮૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૦૦ ઘટી રૂ.૫૬,૫૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૩.૮૦ ઘટી રૂ.૮૮૦.૨૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૨,૨૭૭.૦૭ કરોડનાં ૩૭,૮૧૦.૨૧૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૭,૬૮૭.૫૦ કરોડનાં ૫,૨૦૬.૦૩૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૩,૧૦૬.૪૧ કરોડનાં ૨૧,૪૨૦,૨૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૪,૮૬૫.૧૪ કરોડનાં ૬૭૮,૦૫૦,૦૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૯૭૨.૩૦ કરોડનાં ૪૯,૦૬૨ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૮૬.૮૮ કરોડનાં ૨૧,૨૪૫ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫,૭૩૬.૮૧ કરોડનાં ૭૯,૨૪૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૮૯૫.૬૫ કરોડનાં ૧૩૪,૦૭૯ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૩૬.૯૬ કરોડનાં ૬,૫૨૮ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨૪.૦૬ કરોડનાં ૨૬૮.૯૨ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૧૮૭.૩૫૭ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૮૮.૭૦૯ ટન, તાંબાના વાયદાઓમાં ૧૩,૭૪૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૧,૨૦૦ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૧૯૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૦૪૬ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૨૦૮,૯૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫૩,૮૧૧,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૮,૫૭૬ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૪૭.૭૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૦૪.૨૧ કરોડનાં ૨૫૭૦ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૫૮ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૫,૬૮૭ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૧૩૫ અને નીચામાં ૧૫,૬૮૫ બોલાઈ, ૪૫૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૩૧ પોઈન્ટ વધી ૧૬,૧૨૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન રૂ.૪૨૬૩૫૯.૭૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૮૫૮૩.૯૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૩૨૩.૨૧ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૫૩૦૯૮.૯૭ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૭૨૮૦.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

# મોરારી બાપુની ઐતિહાસિક રામ કથા ટ્રેન યાત્રા ૧૮ દિવસમાં ૧૨ જ્યોર્તિલિંગ નું સફર કરશે



નવી દિલ્હી, ૧૫ જુલાઈ ૨૦૨૩ - પ્રસિદ્ધ આધ્યાત્મિક ગુરુ અને રામાયણના પ્રવક્તા પૂજ્ય મોરારી બાપુ પવિત્ર શ્રાવણ મહિનામાં અસાધારણ આધ્યાત્મિક મહિમાની એક યાત્રામાં જઈ રહ્યાં છે. ૨૨મી જુલાઈ ૨૦૨૩ થી ૦૮મી ઓગસ્ટ ૨૦૨૩ સુધી, મોરારી બાપુ ૧૨ જ્યોર્તિલિંગ મંદિરોમાં રામ કથા પર તેમના જ્ઞાનપ્રદ પ્રવચનોથી ભક્તોને મંત્રમુગ્ધ કરશે. યાત્રા દરમિયાન યાત્રા ૩ પવિત્ર ધામો અને તિરુપતિ બાલાજી મંદિરની મુલાકાત લેવાનો લહાવો પણ મળશે. ૮ રાજ્યોમાં લગભગ ૧૨,૦૦૦ કિલોમીટર નો સફર કરીને આ ગહન યાત્રા, સનાતન ધર્મની મૂળભૂત સત્વતા, ભગવાન રામના નામની મહિમા અને ભારતને એક કરતી અને તેની પરંપરાઓને મજબૂત બનાવશે.

પ્રથમ કથા ૨૨ જુલાઈના રોજ પવિત્ર કેદારનાથમાં લગભગ ૧૨,૦૦૦ ફૂટની ઊંચાઈએ યોજાશે. જ્યોર્તિલિંગ રામ કથા ટ્રેન યાત્રા ૨૩મી જુલાઈ ૨૦૨૩ના રોજ ઋષિકેશથી શરૂ થશે. મોરારી બાપુ ૬૦ વર્ષોથી વધુ સમયથી રામ કથા સંભળાવી રહ્યા છે. આ એક અભૂતપૂર્વ આધ્યાત્મિક યાત્રા માં તેઓ ૧૮ દિવસ સુધી અવિરતપણે ભગવાન રામના ઉપદેશો નો ફેલાવો કરશે. આ યાત્રા ૦૮મી ઓગસ્ટ ૨૦૨૩ના રોજ બાપુના ગામ, તલગાજરડા, ગુજરાતમાં સમાપ્ત થશે. રામકથાના સરળ ક્ષેત્રમાં, પૂજ્ય મોરારી બાપુના પ્રવચનો રામચરિત માનસના ઉપદેશોમાં ઊંડે ઊંડે વણાયેલા છે.

આ અસાધારણ યાત્રાને સુવિધાજનક બનાવવા માટે, કૈલાશ ભારત ગૌરવ અને ચિત્રકૂટ ભારત ગૌરવ નામની બે વિશેષ ટ્રેનોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ખાસ તૈયાર કરાયેલી ટ્રેનોમાં કુલ ૧૦૦૮ શ્રદ્ધાળુઓ યાત્રા કરશે. ટ્રેનના કોચના બહારના ભાગ ૧૨ જ્યોર્તિલિંગ મંદિરો, સનાતન ધર્મના મુખ્ય ધામો, તિરુપતિ બાલાજી મંદિર અને બાપુના ગામના દ્રશ્યો થી શણગારેલા છે.

રામચરિત માનસ માત્ર ભગવાન રામની બાહ્ય યાત્રાનું જ વર્ણન કરતું નથી, પણ આત્માની આંતરિક યાત્રાનું પણ વર્ણન કરે છે. તમામ દિવસો પર રામ કથા બધા માટે ખુલ્લી રહેશે, જેથી વ્યક્તિઓ યાત્રામાં કોઈપણ સ્થાનથી સીધા જ જોડાઈ શકે. આ સમાવેશી અભિગમ એકતાની ભાવનાને મજબૂત કરવાની અને જીવનના અલગ અલગ ક્ષેત્રના લોકોને આ આધ્યાત્મિક પરિવર્તનશીલ અનુભવમાં ભાગ લેવાની તક આપે છે. આયોજક દ્વારા તમામ ભક્તોને પ્રસાદ તરીકે ત્રણ સમયનું ભોજન પણ આપવામાં આવશે. શ્રાવણના શુભ મહિનામાં, તમામ જ્યોર્તિલિંગોની યાત્રા એ તમામ ઉપસ્થિતો માટે એક નોંધપાત્ર સિદ્ધિ હશે, જે યાત્રાના આધ્યાત્મિક મહત્વને વધારે છે.

મોરારી બાપુએ જ્યોર્તિલિંગ રામ કથા યાત્રા વિષે વાત કરતા જણાવ્યું હતું કે, ×આ પવિત્ર યાત્રા દ્વારા, અમારું લક્ષ્ય ભારતની વિવિધતામાં એકતા દર્શાવા અને સનાતન ધર્મની સમજને પ્રોત્સાહન આપવાનું છે. ભગવાન રામનું નામ આપણા રાષ્ટ્રના દરેક ખૂણે ગુંજતું કરીએ, અને બધા માટે શાંતિ અને સંવાદિતા ના પ્રયત્ન કરીયે.''

આ કાર્યક્રમનું આયોજન ઈન્દોરના વેપારી અને મોરારી બાપુના સમર્પિત અનુયાયી શ્રી રૂપેશ વ્યાસ દ્વારા કરવામાં આવ્યું છે. તેઓ આ જ્યોર્તિલિંગ રામ કથા યાત્રાને સફળ બનાવવા માટૈ ઈઝ્રઝ સાથે મળીને અથાક મહેનત કરી રહ્યા છે.

રામ કથા બહુવિધ પવિત્ર સ્થળોએ યોજવામાં આવશે જ્યારે જગન્નાથ પુરી, તિરુપતિ બાલાજી અને દ્વારકાધીશ માત્ર મુલાકાત અને દર્શન માટે હશે. યાત્રા ની સંપૂર્ણ વિગત નીચે મુજબ છેઃ

- જુલાઈ ૨૨, ૨૦૨૩, કેદારનાથ, ઉત્તરાખંડ
- જુલાઈ ૨૪, ૨૦૨૩, વિશ્વનાથ જ્યોતિલ'ગ, ઉત્તરપ્રદેશ
- જુલાઈ ૨૫, ૨૦૨૩, બૈદ્યનાથ જ્યોતિલ'ગ, ઝારખંડ
- જુલાઈ ૨૬, ૨૦૨૩, જગન્નાથ પુરી, ઓડિશા
- જુલાઈ ૨૭, ૨૦૨૩, મલ્લિકાર્જુન જ્યોતિલ'ગ, આંધ્રપ્રદેશ
- જુલાઈ ૨૮ અને ૨૯, ૨૦૨૩, રામેશ્વરમ જ્યોતિલ'ગ, તમિલનાડુ
- જુલાઈ ૩૦, ૨૦૨૩, તિરુપતિ બાલાજી મંદિર, આંધ્રપ્રદેશ
- જુલાઈ ૩૧, ૨૦૨૩, નાગેશ્વર જ્યોતિલ'ગ, મહારાષ્ટ્ર
- ઑગસ્ટ ૧, ૨૦૨૩, ભીમશંકર જ્યોતિલ'ગ, મહારાષ્ટ્ર
- ઑગસ્ટ ૨, ૨૦૨૩, ત્રંબકેશ્વર જ્યોતિલ'ગ, મહારાષ્ટ્ર
- ઑગસ્ટ ૩, ૨૦૨૩, ગૃષ્ણેશ્વર જ્યોતિલ'ગ, મહારાષ્ટ્ર
- ઑગસ્ટ ૪, ૨૦૨૩, ઑંકારેશ્વર જ્યોતિલ'ગ, મધ્યપ્રદેશ
- ઑગસ્ટ ૫, ૨૦૨૩, મહાકાળેશ્વર જ્યોતિલ'ગ, મધ્યપ્રદેશ
- ઑગસ્ટ ૬, ૨૦૨૩, દ્વારકાધીશ મંદિર, દ્વારકા
- ઑગસ્ટ ૬, ૨૦૨૩, નાગેશ્વર જ્યોતિલ'ગ, ગુજરાત
- ઑગસ્ટ ૭, ૨૦૨૩, સોમનાથ જ્યોતિલ'ગ, ગુજરાત

ઑગસ્ટ ૮, ૨૦૨૩, તાલગજરડા (બાપુનું ગામ), ગુજરાત

આ જ્યોર્તિલિંગ રામ કથા યાત્રાનું વિશેષ મહત્વ છે કારણ કે તે ×એક ભારત શ્રેષ્ઠ ભારત× ના વિઝન સાથે સંરેખિત છે, જેનો ઉદ્દેશ્ય વિવિધ પ્રદેશોની વ્યક્તિઓને જોડવાનો અને ભારતીય સ્વતંત્રતાની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરવાનો છે. આ યાત્રા આપણા રાષ્ટ્રની એકતા, સાંસ્કૃતિક સંવાદિતા અને સમૃદ્ધ આધ્યાત્મિક વારસાનું પ્રતીક છે.

માત્ર ૧૮ દિવસમાં ૧૨,૦૦૦ કિલોમીટરની યાત્રા કવર કરી તમામ જ્યોર્તિલિંગોની મુલાકાત લેવાનું જીવનભરમાં એક વખતની તક હશે. તેની સાથે, ભક્તો મોરારી બાપુના દૈનિક પ્રવચનો સાંભળી શકશે અને રામ કથામાં સમાવિષ્ટ જ્ઞાન મેળવી શકશે. યાત્રા ભગવાન રામના શાશ્વત ઉપદેશોના મહત્વને સમજાવશે, સત્ય, પ્રેમ અને કરુણા ના મૂલ્યો, જે તમામ સીમાઓને પાર કરે છે, અને ધર્મ અને નૈતિક સંહિતાના સારનો સમાવેશ કરે છે, ના સ્મૃતિપત્ર તરીકે સેવા આપશે.

મોરારી બાપુ વિશેઃ

મોરારી બાપુ એક પ્રખ્યાત આધ્યાત્મિક ગુરુ અને રામાયણના નિષ્ણાત છે. એમણે ભગવાન રામના ઉપદેશોનો પ્રસાર કરવા અને સત્ય, પ્રેમ અને કરુણાના મૂલ્યોને પ્રોત્સાહન આપવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું છે. રામાયણ પર ૯૦૦ થી વધુ પ્રવચનો અને કથાઓ સાથે, મોરારી બાપુની પ્રબુદ્ધ અને આકર્ષક બોલવાની શૈલી ભારત અને વિશ્વના લાખો લોકોના હૃદયને સ્પર્શી ગઈ છે. તેમનું ધ્યેય આધ્યાત્મિક જાગૃતિને ઉત્તેજન આપવાનું છે અને વ્યક્તિઓને સાદગી, ભક્તિ અને સચ્ચાઈમાં રહેલું જીવન જીવવા માટે પ્રેરિત કરવાનું છે. તેમની તમામ કથાઓ જાતિ, સંપ્રદાય અથવા ધર્મને ધ્યાનમાં લીધા વિના બધા માટે ખુલ્લી છે. નિયમિત પ્રથા તરીકે, કથામાં આવનાર તમામને પ્રસાદ તરીકે મફત ભોજન પીરસવામાં આવે છે.

# વાવાઝોડાના કારણે નુકસાની સામે જાહેર થયેલ પેકેજ ઘણું અપૂરતું છે, ખરા અર્થમાં મોટા નુકસાનનો સાચો સર્વે જરૂરી : શ્રી શક્તિસિંહ ગોહિલ



વાવાઝોડાના કારણે નુકસાની સામે જાહેર થયેલ પેકેજ ઘણું અપૂરતું છે, ખરા અર્થમાં મોટા નુકસાનનો સાચો સર્વે જરૂરી છે. તમામ નાના લોકો કે જે રોજનું કમાઈને પરિવારનું ગુજરાન કરે છે તેમનું સદંતર નુકસાન હોવા છતાં હજુ સુધી તેમને નક્કર સહાય કરવામાં આવી નથી ઘણું જ અપૂરતુ જાહેર કરેલ રાહત પેકેજમાં અનેક જીલ્લા - તાલુકાના નાના વેપારી, રોજનું કમાનાર, મોટા પ્રમાણમાં ખેડૂતો, માછીમારોનો સમાવેશ કરવામાં આવ્યો નથી ત્યારે ખેતી, ખેડૂત, ગામડુ બચાવવા રાજ્ય સરકાર ભારે નુકસાની સામે પુરતુ વળતર ચુકવે તેવી માંગ કરતા રાજ્યસભાના સાંસદ અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, બિપોરઝોય વાવાઝોડામાં થયેલ નુકસાન, અસરગ્રસ્તોની વ્યથા સહિતના મુદ્દે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનોએ વિવિધ જીલ્લાઓની રૂબરૂ મુલાકાત બાદ લઈને જાત માહિતી લીધી હતી. ઉત્તર ગુજરાતના પાટણ, બનાસકાંઠામાં મુલાકાત કરી, સ્થળ પર પરિસ્થિતિ એવી છે કે સરકાર પાકની નુકસાની પૂછે છે પાક બાજુમાં રહ્યો પણ ખેતર, પશુના સ્થળો, રહેવાની જગ્યા, બોર, વસાહત, તબેલાની જગ્યાએ કશું જ રહ્યું નહિ, મોટા ખાડા થઈને આખું વહેણ બની ગયું છે, જમીન ૮ ફૂટ કરતા પણ વધુ નીચે બેસી ગઈ છે. પશુ માટે સહાય નહિ, મકાન માટે સહાય નહિ, હજારો એકર જમીન ધોવાણનું સર્વે કરાયો નહિ, ૩૦૦ દુકાનોમાં ૨૫ થી ૩૦ લાખનું નુકસાન, લારી, ગલ્લા, રેકડી, ઘરવખરી તણાઈ ગયું તેમ છતાં આજદિન સુધી અસરગ્રસ્તોને રાહત અંગે સરકારે કોઈ નક્કર જાહેરાત કરી નથી. ખેતરોમાં મકાનોના છાપરા ઉડ્યા તેને કોઈજ વળતર નહિ, સેટેલાઈટ થી વહેણ અને રેતી દેખાય તો જ જમીન માપણી કરતા હોવાનું અધિકારીઓ કહે છે. તમામ નાના લોકો કે જે રોજનું કમાઈને પરિવારનું ગુજરાન કરે છે તેમનું સદંતર નુકસાન હોવા છતાં હજુ સુધી તેમને નક્કર સહાય કરવામાં આવી નથી. કોંગ્રેસ પક્ષના પ્રતિનિધિ મંડળ દ્વારા જામનગર, દેવભૂમિ દ્વારકા, કચ્છ, પોરબંદર સહિતના દરિયાઈ કાંઠાના જીલ્લાની પણ મુલાકાત લીધી હતી. દરિયાઈ વિસ્તારમાં જે બોટ હોય તેમાં ખૂબ મોટું નુકસાન થયું, માછીમારોની બોટમાં એક લાખથી ૫ લાખનું નુકસાન થયું, નાની બોટમાં ૫૦ હજારથી ૧.૫ લાખ નુકસાન થયું, માછીમારોની નેટ પણ તણાઈ ગઈ તેમાં પણ નુકસાન થયું, દરિયાઈ કાંઠે માછીમારોની બોટોને મોટુ નુકસાન, એન્જીન વગરની સાદી બોટોને પણ નુકસાન, ૨૦થી ૨૫ દિવસથી માછીમારી વિના જીવન પસાર કરવુ આમ કુલ મળીને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. ભાજપ સરકારે માછીમારોને સહાય પેકેજથી સંપૂર્ણ વંચિત રાખ્યા છે. સૌરાષ્ટ્રના અનેક જીલ્લામાં મોટી નુકસાની છતાં રાહત પેકેજમાં કોઈ જાહેરાત નથી. વાવાઝોડાને લીધે ખાસ કરીને ગરીબ અને સામાન્ય વર્ગના પરિવારો બેઘર થયા છે તેમની ઘરવખરી નાશ પામી છે. માછીમારોને થયેલ નુકસાન માટે પુરતું વળતર ચૂકવવા આવે તેવી કોંગેસ પક્ષ માંગ કરે છે.તમામ પાક નાશ પામ્યો, ખેડૂતોની માંગણીનો યોગ્ય સર્વે કરવાંમાં નથી આવ્યો, સરકારે જાહેરાત કરી પણ અધિકારીઓ અને સર્વેની ટીમ સ્થળ ઉપર સર્વે કરી રહી નથી. કેન્દ્ર સરકારે તાત્કાલીક પણે જે સહાય ચુકવવી જોઈએ તે ચુકવવામાં ગુજરાતને સંપૂર્ણ અન્યાય કરી રહી છે. વાવાઝોડામાં નુકસાન થયેલા તમામને પૂરતું વળતર ચૂકવવા આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.




અગીયાર વાગ્યા આસપાસ મહુવા તાલુકાના? વાલાવાવ ગામની ગૌચરની જમીનમા તેમજ ૨૦૧૦ મા મીઠા પાણીના સંગ્રહ માટે સરકારની સરદાર સહભાગી યોજનાથી મોટો ચેકડેમમાં બનાવેલો તેમા ૨૦૧૫ મા કે.પી.એનેર્જી કપંનીએ બીનકાયદેસર પવનચક્કી ઉભી કરેલી તેના પાખડા સાથે અથડાવાથી નીર્દોશ પક્ષી? ટીટોડી ગંભીર રીતે ઘાયલ થયેલ છે અને આવા બનાવો દરેક પવનચક્કી થકી રોજ બરોજ બને છે અને નિર્દોષ પક્ષીઓના મોત થાઈ છે તેની જાણ અમોએ મહુવા જંગલ ખાતાને અને પક્ષી પ્રેમી નેચરલ સંસ્થાને કરેલ છે હવે? જંગલ ખાતુ શુ કાર્યવાહી કરે છે તે જેવાનુ રહ્યુ.

# દિવ્યપથના વિદ્યાર્થીઓની ્ફ૯ ચેનલ પર ચંદ્રયાન ૩ સંબધિત નિષ્ણાતો સાથે જ્ઞાનપ્રદ મુલાકાત

આ પ્રસંગે દિવ્યપથ શાળાના ૯મા અને ૧૧મા ધોરણના વિદ્યાર્થીઓને ્ફ૯ ચેનલની મુલાકાત લેવાની અને ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ૈજીઈ) ના પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિકો તથા અન્ય એક્સપર્ટ સાથે જીવંત ચર્ચામાં જોડાવવાની નોંધપાત્ર તક મળી. બાળકો સાથેની ચર્ચામાં



ચંદ્રયાન ૩ નું પ્રક્ષેપણ, તેના ઉદ્દેશ્યો, ભારત અને વૈશ્વિક સમુદાયને મળનાર લાભો અને અવકાશ સંશોધનના ભાવિને ફરીથી આકાર આપવાની આસપાસ કેન્દ્રિત હતું.દિવ્યપથ શાળાના વિજ્ઞાન વિભાગ દ્વારા આયોજિત આ મુલાકાતનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને ભારતના મહત્વાકાંક્ષી અવકાશ કાર્યક્રમ અનેૈજીઈની નોંધપાત્ર સિદ્ધિઓ વિશે પ્રેરિત અને શિક્ષિત કરવાનો હતો. વિદ્યાર્થીઓ તેમના શિક્ષકો શ્રી મયંકભાઇ પાંડે તથા ભૂમિબેન સરોજા ની સાથે ટી વી ૯ સ્ટુડિયો માં ગયા હતા અને ટીવી૯ દ્વારા ઉત્સાહપૂર્વક આવકારવામાં આવ્યા હતા અને વૈજ્ઞાનીકો સાથે લાઈવ ચર્ચામાં ભાગ લેવાની તક પૂરી પાડી હતી

દિવ્યપથ શાળાના પ્રિન્સિપાલ, શ્રીમતી દુર્ગાલક્ષ્મીએ વિદ્યાર્થીઓને પ્રદાન કરેલી અનન્ય તક માટે પ્રશંસા વ્યક્ત કરી અને જણાવ્યું કે ×અમે અમારા વિદ્યાર્થીઓ માટે જિજ્ઞાસાને ઉત્તેજન આપવા, જુસ્સાને પ્રજ્વલિત કરવામાં અને ક્ષિતિજોને વિસ્તૃત કરવામાં વિશ્વાસ રાખીએ છીએ.×

દિવ્યપથ શાળા ના સંચાલક શ્રી તેમના વિદ્યાર્થીઓને વિભિન્ન અનુભવો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. આવા પ્રયાસો માત્ર વિદ્યાર્થીઓના મનને જ આકાર આપતા નથી પરંતુ વૈજ્ઞાનિક નેતાઓ અને સંશોધકોની આગામી પેઢીના ઉછેરમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.



હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ ના ચેરમેન ડૉ.નિતીન સુમંત શાહ દ્વારા રિધમ કોમ્યુનિકેશનના નાટક "બા ,તને હું ક્યાં રાખું નાટકને આર્થિક સહયોગ કરવામાં આવ્યો હતો. આ નાટક ૯ જુલાઇ ૨૦૨૩ ના રોજ ઠાકોર ભાઇ દેસાઇ ખાતે ભજવાયેલ આ નાટક જોવા આશરે ૭૦૦ જેટલા લોકોએ હાજરી આપી હતી. આ નાટકનો મુખ્ય ધ્યેય વૃધ્ધ મા-બાપ અને બાળકો ના સંઘર્ષને રજુ કરવામાં આવ્યો છે. નાટક વિશે – મંગલા દિવેચાને બે બાળકો છે, પતિના મૃત્યુ બાદ તે પોતાને બંને બાળકોના ઘર વચ્ચે જજુમતી જુએ છે.બંને વહુઓના ઉગ્ર સ્વભાવ હોવા છતાંય તે ખુશ છે,ત્યારે મંગળાના જીવનમા ઘટતી અમુક ઘટનાઓમાંથી ઉઘરવા તે એવા નિર્ણય લે છે ભારતીય સમાજમાં અસામન્ય કહી શકાય. એક કહેવત જે આ નાટક સાથે બંધબેસે છે , "યુવાનીએ કુદરતે આપેલી ભેટ છે,જ્યારે વૃધ્ધાવસ્થાએ કલા છે"

# સદ્ વિચાર પરિવાર અમદાવાદ દ્વારા ચાલતા ટયુશન ક્લાસમાં આત્મ હત્યા નિવારણ અને વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર ના સામાજિક કાર્યકર વ્યસન મુક્તિ અભિયાન પ્રણેતા વિદ્યાર્થીઓ માટે આત્મ હત્યા નિવારણ કાર્યક્રમ યોજતા ત્થા હિન્દી ગુજરાતી કવિ લેખક અને ગાંધી નગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબ ચંદ પટેલ દ્વારા તારીખ ૧૫ જુલાઈ ૨૦૨૩ ના રોજ સાંજે ચાર વાગ્યે યોજાયો હતો જેમાં ધોરણ ૮ થી દસ માં સદ્ વિચાર પરિવાર ટ્રસ્ટ અમદાવાદ દ્વારા ચાલતા ટ્યુશન ક્લાસ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ને સુંદર માર્ગ દર્શન ડૉ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં શ્રી જેસિંગ ભાઈ સામાજિક કાર્યકર ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં શરૂઆત માં બાળકો દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી અને ત્યાર બાદ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. બાળકો ખૂબ ખુશ થયા હતા અંત માં શ્રી જે સિંગ ભાઈ સામાજિક કાર્યકર દ્વારા ડૉ પટેલ નો આભાર વ્યક્ત કર્યો હતો




પાળીયાદ મહાજન પાંજરાપોળ માં સરવા ના અસક્ત દુર્બળ ગાયોને જુદી જુદી સંસ્થામાં સપ્લાય કરતા ઉત્સાહી કર્મ નિષ્ઠ સેવાભાવી ગ્રુપ પ્રતાપભાઈ ચૌહાણ તથા અગરસંગભાઈ પરમાર તથા નારસંગભાઈ ચૌહાણ તથા ઉમેદસંગભાઈ ગોહીલ તથા વિઠ્ઠલભાઈ તાવિયા તથા દિલીપભાઈ પટેલ તથા ભરતભાઈ ચૌહણ પાળીયાદ મહાજન પાંજરાપોળ પધારતા સંસ્થા ના મેનેજીંગ ટ્રષ્ટિ ગુણવંતભાઈ ગોપાણી ની પ્રેરણા થી ભાવેશ બારભાયા તથા કનુભાઈ ધાધલ તથા નાગરદાસ ગામી એ સેવાભાવી ટીમનું ગૌ માતા નું મોમેન્ટ આપી તથા સાલ ઓઢાડી સન્માન કરી સંસ્થા તરફથી આભાર વ્યક્ત કર્યો સેવાભાવી ટીમે પણ ખૂબ રાજીપો વ્યક્ત કરેલ.

# અદાકારી અને અભિનયના એકમેવ આફતાબ દિલીપકુમાર....



બૉલીવુડના અભિનય અને સારી અદાકારી કરતા અભિનેતાની યાદી બનાવીએ તો જેમના નામનો અચૂક સમાવેશ કરવો જ પડે એવા દમદાર અભિનયના બેતાજ બાદશાહ દિલીપકુમાર સાચા અર્થમા અભિનયની યુનિવર્સિટી હતા હમણાં ૭ મી જુલાઈએ જેમની વિદાઈને એક વરસ પૂરું થયું એ દિલીપકુમાર અનમોલ અતુલ્ય અનોખા નોખા જન્મજાત કલાકાર હતાદિલીપસર માટે ફિલ્મ અને અભિનય એક કલા હતી દિલીપસર જેવા કલાકારો સદીમા એક જ વાર જન્મ લે છે નવોદિત કલાકારોએ દિલીપસરની તમામ ફિલ્મો દ્રશ્યો વારંવાર જોઈ તેમાંથી અભિનયના પાઠો પાક્કા કરવા પડશે.

દિલીપ સર આઠ વખત ફિલ્મફેર એવોર્ડ જીત્યો હતી પહેલો ફિલ્મફેર એવોર્ડ જીતવાનું બહુમાન પણ દિલીપસર ધરાવે છે દિલીપસર પદમભૂષણ પદમવિભૂષણ પણ દિલીપસર મેળવી ચુક્યા છે ફિલ્મઉદ્યોગનો સર્વોચ્ચ દાદાસાહેબ ફાલકે એવોર્ડ પણ દિલીપસર મેળવી ચુક્યા છે

દિલીપસરનો જન્મ પેશાવર પાકિસ્તાનમા થયો હતો હાલ દિલીપસરના મકાનને પાકિસ્તાન રાષ્ટ્રીય ધરોહર તરીકે વિકસાવવા માંગે છે

દિલીપસર સાથે પાકિસ્તાનમા જન્મેલા બીજા આપણા કલાકારોમાં રાજકપુર દેવ આનંદ સુનિલદત અને રાજેન્દ્રકુમાર પણ છેઆજે તમને અભિનયનો અ પણ ના આવડતો હોય તો પણ આધુનિક ટેક્નોલોજી અને અધતન કેમેરાની મદદથી ફિલ્મ બનાવનારા એવી ભવ્ય અને આલિશાન ફિલ્મ બનાવે છે કે આપણું ધ્યાન અભિનેતાઓના નબળા અભિનય પર જાય જ નહી તમે માત્ર ભપકાદર સેટ જ જોયા કરો લાઈટિંગ જ જોયા કરો હવે ફિલ્મ બનાવવા આધુનિક લેટેસ્ટ કેમેરા નવી નવી શોધોની મદદ લેવાય રહી છે એડિટિંગના પણ નવી સ્ટાઈલ અપનાવામાં આવે છે દિલીપસરના જમાનામાં એવું હતું નહીં પોતાની રાહ પોતાનો રસ્તો જાતે બનાવવો પડતો હતો તમને જાણીને નવાઈ લાગશે કે બોમ્બે ટોકીજની જવારભાટાથી બૉલીવુડમા પ્રવેશ કરનારા દિલીપસરે લાંબી કારકિર્દીમા માત્ર ૬૦ ફિલ્મો જ કરી છે

દિલીપસરે ખુદ પોતાની ધીમે ધીમે અટકીને સંવાદો બોલવાની પોતાની એક નવી શેલી વિકસાવી હતી દિલીપસર દરેક પાત્રનું ખુબ જ બારીકાઈથી નિરીક્ષણ કરતા હતા દરેક રોલ માટે જબરજસ્ત મહેનત કરતા હતા આપને ફિલ્મ જોવા જઈએ તો પડદા પર દિલીપસર ખોવાઈ જતા હતા એ પાત્ર ઉપસી આવતું હતું

જુની બિમલરોયની દેવદાસમાં દિલીપસરે પ્રેમમા નિષ્ફ્ળ ગયેલા પ્રેમભગ્ન પ્રેમીનું પાત્ર ભજવ્યું હતું આ ફિલ્મને આજે વરસો થઈ ગયા છતાં આજે પણ નિષ્ફળ પ્રેમીઓને એમના નામથી નહી દિલીપસરે ભજવેલા દેવદાસ તરીકે સંબોધન કરીએ છીએ.એક કલાકારબધા સશકત અભિનયનું આનાથી મોટુ બીજું ક્યુ પ્રમાણપત્ર હોય શકે

દિલીપસરની બીજી એક ખાસ વિશેષતા એ હતી કે દિલીપસરની ઉર્દુ ફારસી અને અંગ્રેજી ભાષા પર બહુ સારી પકડ હતી દિલીપસર ખુબ વાંચતા હતા વાતવાતમા ગાલિબ મોમીન અને ઝોકના શેરો ટાકિયા કરતા હતા ઘણા બધા શેરો દિલીપસરને મોઢે હતાપ્યાસાના વિજયના રોલ કરવાની દિલીપસરે ના પાડતા ગુરુદતે છેવટે કંટાળીને વિજયનો રોલ પોતે ભજવ્યો ફિલ્મ પ્યાસા સુપરહિટ ગઈ હતી પોતાના ખાસ અંગત મિત્ર રાજકપુરને પણ સંગમના રોલ માટે ના પાડી રાજે આ રોલ રાજેન્દ્ર કુમારને આપ્યો ફિલ્મ સંગમ સુપરહિત ગઈ હતી

દિલીપસરે કોમેડી સામાજિક સસ્પેન્સ રોમેન્ટિક લવસ્ટોરી સહિત તમામ જાતની વેવિધ્ય અલગ અલગ ભૂમિકાઓ ભજવી હતી જાની રાજકુમાર સાથે પેગામ અને સોદાગરમા દેખાયા હતા જાની રાજકુમારને સોદાગર માટે સુભાષ ધાઈ વાર્તા આપવા ગયા તે વખતે સુભાષ ધાઈએ. કહ્યું કે દિલીપસર પણ આ ફિલ્મમા છે તે વખતે જેમની સાથે પેગામ પછી ૩૩ વરસ બોલચાલનો સંબંધ નહોતો એ દિલીપસર વિશે જાની રાજકુમાર બોલી ઉઠ્યા આ ઈન્ડસ્ટ્રીમા હું મારાં પછી કોઈને સૌથી સારો અભિનેતા કલાકાર માનતો હોવ તો એ દિલીપકુમાર છે બોલો જેની દુશ્મન પણ તારીફ કરે એવા દિલીપસરના કામ માટે કઈ કહેવાનું હોય જ નહી.

આપણા સુપરસ્ટાર અમિતાભ બચ્ચન સાથે દિલીપસરે મુશીર રિયાજની શક્તિ ફિલ્મમાં આપણે જલસો કરાવી દીધો હતો ખાસ કરીને રાખી મુત્યુ પામી છે રાખીનો મૃતદેહ પડ્યો છે કેદી અમિતાભને માતા રાખીના અંતિમ દર્શન કરવા પોલીસ જાપ્તા સાથે ઘરે લાવવામાં આવે છે એ વખતે દરવાજાથી રાખીનો મૃતદેહ હતો એ જગ્યા સુધી આવી ત્યાં બેસી માતાના અંતિમ દર્શન કરી ત્યાં બેસેલા રડતા દુઃખી ઈન્સ્પેક્ટર પિતા અશ્વનીકુમાર પાસે બેસી મૌન રહી આશ્વાસન દિલાસો આપી પાછુ ઉભા થઈ ઘરની બહાર નીકળવું ખરેખર બચ્ચન અને દિલીપસરે બન્નેએ એક પણ સંવાદ વગર એક પણ શબ્દ બોલ્યા વગર મૌન રહીને દ્રશ્યમાં પ્રાણ પુરી દીધા હતા સલામ છે દિલીપસર અને બચ્ચન બન્નેને યાદગાર દ્રશ્ય ભજવ્યું હતું

દિલીપસરની યાદગાર ફિલ્મોની યાદી ટૂંકમાં જોઈએ

જુગનું દાગ ગંગા જમના સોદાગર પેગામ રામ ઓર શ્યામ લીડર નયા દોર આઝાદ મધુમતી દેવદાસ શક્તિ મશાલ ગોપી કર્મા ગણી શકાયકે આસિફની મુઘલે આઝમ બૉલીવુડની અનમોલ ફિલ્મ છે મુઘલે આઝમના સંવાદો ગીત સંગીત સિનેરસીકો આજે પણ ગણગણે છે ઘણા બધા સંવાદો પુરેપુરા યાદ હોય એવા પણ સેંકડો દિલીપપ્રેમી તમને સુરતમાં આજે પણ જોવા મળશે દિલીપસર અને જાયન્ટ કદાવર પૃથ્વીરાજ વચ્ચેના ડાયલોગ કોણ ભુલી શકે?

અભિનયના સાચા મહારથી દિલીપસરને કોટીકોટી વંદન

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

# ચાણસ્મામાં દશા માતાજીની મૂર્તિનું આગમન અધિક માસ હોવાથી વ્રતધારી મહિલાઓમાં અસમજ



સમગ્ર હિન્દુ ધર્મમાં વ્રત તપનુ અનેરો મહિમા છે ત્યારે અષાઢ માસના દિવાસાના દિવસ થી વ્રતધારી મહિલાઓ તેમજ પુરુષો દશા માતાજી નુ દશ દિવસ વ્રત રાખી પુજા અર્ચના કરે છે. ત્યારે ચાલુ વર્ષે અધિક માસ હોવાથી વ્રતધારી મહિલાઓ તેમજ પુરુષો માં અધિક માસમાં વ્રત કરવું કે કેમ તેવી અસમજતા ફેલાઈ છે.

ચાલુ વર્ષ દરમિયાન અધિક માસ હોવા છતાં ચાણસ્મા શહેરની અંદર બજારોમાં દશા માતાજીની મૂર્તિઓનું આગમન થઈ ચૂકયું છે. તેમજ ગત વર્ષ કરતાં ચાલુ વર્ષે દશા માતાજીની મૂર્તિમાં બેથી ત્રણ ટકા વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે જે દશા માતાજીની નાની મૂર્તિ ગત વર્ષે ૧૨૦ રૂપિયા માં મળતી હતી તે મૂર્તિ આ વર્ષે ૧૬૦ રૂપિયામા મળે છે. તેમજ ચાણસ્મા ની બજારમાં ૧૬૦ રૂપિયાથી માંડીને ૨૫૦૦ રૂપિયા સુધીની મૂર્તિઓ મળતી હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે ચાલું સાલે અધિક માસ હોવાના કારણે વ્રતધારી મહિલાઓ તેમજ પુરુષો માં ભારે અસમજતા ની લાગણી વ્યક્ત કરાઈ રહી છે.

વ્રતધારી મહિલાઓ શુ કહે છ?આ બાબતે કેટલીક વ્રતધારી મહિલાઓએ જણાવ્યું હતું કે દશા માતાજી નું વ્રત અષાઢ માસના દિવાસાના દિવસ થી શરૂ કરવામાં આવે છે. ત્યારે આ વર્ષેઅધિક માસ હોવાથી પ્રથમ માસમાં વ્રત કરવું કે કેમ તેવી ચિંતા વ્યક્ત કરાઈ હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.